# મનપા કન્ટેન્મેન્ટની વ્યાખ્યા સ્પષ્ટ કરે : નગરજનો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરને પણ કોરોના અજગરી ભરડો લઈ રહ્યો છે. ગાંધીનગરમાં કોરોનાના કેસનો આંકડો વધી રહ્યો છે. ગાંધીનગર જિલ્લામાં ૧૬૦ થી વધુ દર્દીઓ નોંધાયા છે.ત્યારે પાટનગર પણ રેડ ઝોનમાં આવી ગયું છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે તંત્રની ગાઈડલાઈન મુજબ મનપા દ્વારા શહેરી વિસ્તારમાં કેસ વધતા જે તે સેકટરના કેટલાક ભાગને કન્ટેન્મેન્ટ વિસ્તાર જાહેર કરે છે. જેથી તે વિસ્તારમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાય છે. તે વિસ્તારમાં આવન-જાવન કરતા દરેક નાગરીકની નોંધ કરવામાં આવે છે. ત્યારે કન્ટેન્મેન્ટ વિસ્તારમાં કોરોના પોઝીટીવ દર્દી સ્વસ્થ થઈને આવી ગયા બાદ પણ ૨૮ દિવસ સુધી કન્ટેન્મેન્ટ ઝોન રાખવામાં આવી રહ્યો છે. નાગરીકોને જીવન જરુરીયાત ચીજવસ્તુની ખરીદી માટે પોલીસ કર્મચારીઓ સાથે માથાકુટ કરવી પડે છે. ત્યારે મહાનગર પાલિકા તંત્ર કન્ટેન્મેન્ટની વ્યાખ્યા સ્પષ્ટ કરે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેકટર-૨ સી ખાતે કોરોના પોઝીટીવ કેસ આવતા જ ગત તા.૬-૫-૨૦ થી ૮૯૮ ઘર અને ૩૫૯૮ નાગરીકોને કન્ટેન્મેન્ટ ઝોનમાં મુકી દેવામાં આવ્યા છે. તાજેતરમાં સેકટર-૨૭ માં બે કેસ નોંધાતા માત્ર ૧૫૧ ઘર અને ૬૩૧ નાગરીકોને કન્ટેન્મેન્ટ ઝોનમાં મોકલી દેવાયા છે. ત્યારે સેકટર-૨ સી ના આટલા મોટા વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોનમાં મુકવાનો શું અર્થ તે નાગરીકોને સમજાતુ નથી. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આ પ્રકારની ભેદભાવની નિતિ કેમ રાખવામાં આવી રહી છે. એમઓએચની નવી ગાઈડ લાઈન મુજબ કોરોના પોઝીટીવ દર્દીને ત્રણ દિવસ તાવ ન આવે અને બીજા કોઈ લક્ષણોના હોય તો ૧૦ દિવસ પછી તેને રજા આપી દેવાય છે અને ૭ દિવસ સુધી હોમ આઈસોલેશનમાં રાખી કુલ ૧૭ દિવસે એ મુકત થઈ જાય છે. મનપા દ્વારા જે તે વિસ્તારમાંથી કોરોના પોઝીટીવ છેલ્લા દર્દીને રજા આપી દીધા પછી ૨૮ દિવસ બાદ તે વિસ્તાર કન્ટેન્મેન્ટ ઝોનમાંથી મુકત થઈ શકે છે. ત્યારે સેકટર-૨ સી ખાતે તા.૬-૫-૨૦ ના રોજ કોરોના દર્દી આવતા કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યો, ત્યારબાદ તા.૧૭-૫-૨૦ ના રોજ દર્દીને રજા આપી અને ત્યારપછીના ૨૮ દિવસ તો ૧૫-૬-૨૦ ના રોજ સેકટર-૨ સી કન્ટેન્મેન્ટ ઝોનમાંથી મુકત થાય. ત્યારે આટલુ લાંબુ લોકડાઉન તો ભારતમાં કયાંય નથી તેમ નાગરીકોનું કહેવુ છે. કન્ટેન્મેન્ટ ઝોનને પગલે નાગરીકો નજરકેદમાં હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. જયારે જીવન જરુરી ચીજવસ્તુઓની ખરીદી માટે બહાર જઈ શકતા નથી. શાકભાજીની લારી પણ આવતી નથી. શોંપીગ સેન્ટરમાં જવા માટે અનેક મથામણ કરવી પડે છે જેથી સમગ્ર કન્ટેન્મેન્ટ વિસ્તારના નાગરીકો આ સમસ્યાથી પીડાઈ રહ્યા છે. ત્યારે તંત્ર સમક્ષ કન્ટેન્મેન્ટની વ્યાખ્યા મનપા દ્વારા સ્પષ્ટ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## શહેરની કઈ શાળાનું કેટલું પરિણામ

| શાળાનું નામ | કેટલા બેઠા | કેટલા પાસ | ટકાવારી |
|---|---|---|---|
| ઈન્ફોસીટી જુ. સાયન્સ કોલેજ | ૧૯૦ | ૧૮૩ | ૯૬.૩૧ ટકા |
| શેઠ સી.એમ. હાઈસ્કૂલ, સે. ૨૩ | ૨૨૩ | ૨૧૨ | ૯૫.૦૭ ટકા |
| સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર | ૭૦૫ | ૬૬૩ | ૯૪.૦૦ ટકા |
| એમ.બી. પટેલ, સે. ૨૩ | ૯૭ | ૮૦ | ૮૨.૪૭ ટકા |
| માઉન્ટ કાર્મેલ સ્કૂલ (ઈંગ્લિશ મીડીયમ) સે. ૨૧ | - | - | ૯૨.૧૬ ટકા |
| માઉન્ટ કાર્મેલ સ્કૂલ (ગુજરાતી મીડીયમ), સે. ૨૧ | - | - | ૭૫.૬૮ ટકા |
| જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ | - | - | ૬૭.૮૫ ટકા |
| આરાધના વિદ્યાવિહાર, સે. ૨૮ | ૧૯ | ૧૪ | ૭૩.૬૮ ટકા |
| વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ (સરગાસણ) | ૨૩૧ | ૧૭૩ | ૭૪.૮૯ ટકા |
| આર.જી. પટેલ કન્યા શાળા, સે. ૨૩ | ૧૦૮ | ૯૧ | ૮૪.૨૫ ટકા |
| આર.સી. પટેલ હાઈસ્કૂલ, સે. ૨૩ | ૨૦૩ | ૧૮૮ | ૯૨.૬૧ ટકા |
| સ્વામી વિવેકાનંદ સ્કૂલ | ૨૪ | ૧૬ | ૬૬.૬૭ ટકા |

## ગાંધીનગર મહાનગરપાલિકાની હેલ્પલાઈન સેવાનો ૩,૯૨૬ વ્યકિતઓ લાભ લીધો

**મહાનગરપાલિકા વિસ્તારમાં બહારથી આવેલા પ્રવાસીઓ અંગે અત્યાર સુધી ૭૯૭ વ્યક્તિઓએ વિવિધ માધ્યમો થકી કંટ્રોલરૂમ ખાતે જાણ કરી**

ગાંધીનગર, તા. ૧૭

કોરોના વાયરસ અંગેના પ્રશ્નોના નિરાકરણ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કંટ્રોલ રૂમ તથા હેલ્પલાઇન સેવા ઉભી કરવામાં આવી હતી. જેમાં તા.૧૬મી મે, ૨૦૨૦ સુધી ૩,૯૨૬ વ્યક્તિઓને સંતોષકારક માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું છે. તમામ નાગરિકોને સોશ્યિલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા અને સમસ્યા હોય તો મહાનગર-પાલિકાના હેલ્પલાઇન નં. ૦૭૯-૨૩૨ ૨૨૭૪૨ પર સંપર્ક કરવા મહાનગરપાલિકાએ જણાવ્યું છે.

ગાંધીનગર મહાનગર-પાલિકા વિસ્તારમાં તા. ૧૬મી મે, ૨૦૨૦ સુધીમાં મહાનગરપાલિકા વિસ્તારમાં બહારથી આવેલા પ્રવાસીઓ અંગે અત્યાર સુધી ૭૯૭ વ્યક્તિઓએ વિવિધ માધ્યમો થકી કંટ્રોલરૂમ ખાતે જાણ કરી છે. જેનું મહાનગરપાલિકાની હેલ્થ ટીમ દ્વારા તેમનું ચેક-અપ કરી યોગ્ય માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું છે. કોરોના સંક્રમણ વધુ ન થાય તે માટે મહાનગરપાલિકા દ્વારા તમામ દુકાનો, વેપારીઓને, દૂધ વિતરણ કેન્દ્રોના સંચાલકો, શાકભાજી વિતરણકર્તા ફેરિયાઓને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ મહાનગરપાલિકા દ્વારા કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે તથા નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા સરકારના માર્ગદર્શન મુજબ હોમિયોપેથિક દવા આર્સેનિકમ આલબમનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

૧૬મી મે, સુધીમાં યુથ હોસ્ટેલ, સેકટર-૧૬ ખાતે ૨૮, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર-૧૭ ખાતે ૦૭, ઉદયભાનસિંહજી ક્ષેત્રિય સહકારી સંસ્થાન, સે-૩૦ ખાતે ૭, આઈઆઈટી, સે-૧૫ ખાતે ૩૪, એનઆઈસીએમ, ઈન્ફોસીટી ખાતે ૮, એલ.ડી. આર.પી. કોલેજ, સે-૧૫ ખાતે ૧૧ વિદેશી ભારતીય વ્યક્તિઓને હાલ ફેસીલીટી કવોરેન્ટાઇન હેઠળ રાખવામાં આવ્યા છે. ફેસીલીટી કવોરેન્ટાઇનના નિરીક્ષણ હેઠળ રાખેલા તમામ વ્યકિતઓના સ્વાસ્થ્ય અને તેમની દૈનિક તમામ જરૂરિયાતોની પુરતી કાળજી લેવામાં આવી રહી છે. તેમજ મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૬મી મે, ૨૦૨૦ ના રોજ કુલ-૩૫૨ લોકોને હોમ કવોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. તેમના સ્વાસ્થ્ય અંગે સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર શહેરમાં હોમ કવોરેન્ટાઇન કરેલ પરિવારોને અત્યાર સુધી ૬,૭૭૮ લિટર દૂધ વિના મૂલ્યે પુરૂં પાડવામાં આવ્યું છે.


## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



લો આ બોટ બાંધી દઉ... હવાઈ ચંપલની વાત કરી હતી ત્યારે જ મે આ બોટલો સાચવી રાખી હતી...!!

## ડાભી રાજપૂત પરિવારનું ગૌરવ



ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ આજરોજ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના જાહેર થયેલા પરિણામ અંતર્ગત માહિતી આપતા જણાવ્યું છે કે પોતાના લઘુબંધુ ભરતસિંહની બંને સુપુત્રીઓ કાલિંદીબા અને મેઘાબાએ ધો-૧૨ એચએસએસસીની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં અનુક્રમે ૮૦ અને ૯૯.૬૯ પર્સેન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થયા છે.

## રાજદીપ એન્ટરપ્રાઈઝ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં બ્લડની તાતી જરુરીયાત ઉભી થવા પામી છે. તાજેતરમાં ત્રણ મહિલા દર્દીઓના જીવ બચાવવા માટે ડોકટર્સ અને સ્ટાફ દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અન્ય સેવાભાવી યુવકો દ્વારા પણ બ્લડ ડોનેટ કરાયુ હતું. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને રાજદીપ એન્ટરપ્રાઈઝના સંયુકત ઉપક્રમે આગામી તા.૨૦ મે બુધવારના રોજ સવારે ૯ થી ૨ કલાક દરમિયાન ઓડીટોરીયમ હોલ ખાતે યોજાશે. કોરોના મહામારીના સામે આખુ વિશ્વ લજત આપી રહ્યું છે,ત્યારે આવા કપરા સમયે આ જરૂરીયાત મંદોને પહોંચી વળવા માટે રાજદીપ એન્ટરપ્રાઈઝ અને સિવિલ તંત્ર દ્વારા રકતદાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યું છે.



હોમીઓપેથી કે હુમીનીટી વધારવા માટે ડી.ડી. પટેલ માણસા સહયોગ કોબા ગામે વિતરણ કરવામાં આવ્યું.

## રાજ્યમાં ૪૪૭ ટ્રેન દ્વારા ૬.૨૬ લાખ શ્રમિકોને વતન મોકલાયા

ગાંધીનગર,તા.૧૭

ભારત સરકાર સાથે સંકલનમાં રહી રાજ્ય સરકારના વહીવટી તંત્રએ મુખ્યમંત્રી વિજય રૂપાણીના સતત માર્ગદર્શન હેઠળ સૌથી વધુ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો દોડાવી છે. અન્ય રાજ્યોના શ્રમિકો-કામદારોને પોતાના વતન રાજ્યમાં સન્માનજનક રીતે પહોંચાડવાની કામગીરીમાં ગુજરાત રાજ્ય અગ્રેસર રહ્યું છે. માત્ર પંદર દિવસમાં શ્રમિક સ્પેશિયલ ટ્રેન મારફતે ગુજરાતમાંથી પોણા સાત લાખ શ્રમિકોને વતન રાજયમાં પહોંચાડવાની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું કે, તા. ૧૬મી મે શનિવારની મધ્યરાત્રી સુધીમાં ગુજરાતમાંથી ૪૪૭ શ્રમિક સ્પેશિયલ ટ્રેન ચલાવાઈ છે. જેમાં ૬ લાખ ૨૬ હજાર જેટલા પરપ્રાંતિય શ્રમિકોને પોતાના વતન રવાના કરવામાં આવ્યા છે. ૪૪૭ ટ્રેન પૈકી ઉત્તર પ્રદેશ માટે સૌથી વધુ ૩૧૫ ટ્રેન દોડાવાઈ છે. તે ઉપરાંત બિહારની ૪૬, ઓડિશાની ૩૮, મધ્યપ્રદેશની ૨૩, ઝારખંડની ૧૨, છત્તીસગઢની ૬, ઉત્તરાખંડની ૪ અને મહારાષ્ટ્ર, રાજસ્થાન, મણીપુરની ૧-૧ ટ્રેન દોડાવાઈ છે. સચિવએ વધુમાં ઉમેર્યું કે, આજે તા. ૧૭મી મે ને રવિવારની મધ્યરાત્રી સુધીમાં વધુ ૨૯ ટ્રેન ગુજરાતમાંથી દોડાવીને શ્રમિકોને વતન પહોંચાડવામાં આવશે.

# ભાંજીભાઈ કહે છે, મારો આઈડિયા કોપી કરો વાંધો નથી, પણ કિસાનોની મુશ્કેલી દૂર કરો

વ્યક્તિની હોંશિયારી અને નિપૂણતાને શિક્ષણની કોઈ ડિગ્રી કે વ્યક્તિની ઉંમર સાથે કોઈ લેવાદેવા હોતી નથી. ઈનોવેશન એ દિમાગની પેદાશ છે. દુનિયામાં પ્રત્યેક જગ્યા અને ચીજવસ્તુને બારીકાઈથી જોવાની નજર અને દિમાગમાં આવેલા નવા આઈડિયાનો આવિષ્કાર કરીએ તો નવા ઈનોવેશનનો જન્મ થાય છે. સમાજમાં એવા લોકો જન્મેલા છે કે જેઓનું કર્મ માત્ર ને માત્ર લોકોની ભલાઈ માટે હોય છે. વર્ષોની મહેતન પછી કોઈ વ્યક્તિનું સંશોધન બહાર આવે તો તે વ્યક્તિ કે સંસ્થા એવું માને છે કે આ સર્જન મારૂં છે અને તેના પર બીજા કોઈનો અધિકાર નથી. આપણે આ નીતિ-રીતિને પેટન્ટ અને કોપીરાઈટથી ઓળખીએ છીએ.

**● સ્કૂલ જોઇ નથી છતાં સ્ટુડન્ટ્સ તેમની પાસે જાય છે...**

દેશ અને દુનિયામાં કંઈ નવું સંશોધન કરનારા લોકો પેટન્ટ કે કોપીરાઈટ લઈ લેતા હોય છે પરંતુ ગુજરાતના એક ઈનોવેટર કિસાન સામેથી કહે છે કે ‘‘મારો આઈડિયા કોપી કરો અને દેશના તમામ લોકો સુધી પહોંચાડો...’’ ધન્ય છે, ભાંજીભાઈ માથુકિયા ને કે જેઓ ક્યારેય સ્કૂલમાં ગયા નથી છતાં તેમની પાસે આઈઆઈએમ, આઈઆઈટી અને એન્જિનિયરીંગ કોલેજના સ્ટુડન્ટ્સ પ્રોજેક્ટ માટે મદદ માગવા માટે જાય છે. અનોખા આવિષ્કારો માટે તેમને રાષ્ટ્રપતિ સન્માન તો મળ્યું છે પરંતુ તેમને વિદેશમાં જવાનો મોકો પણ મળ્યો છે. ભાંજીભાઈના જીવનનો એકમાત્ર ગોલ સમાજને કંઈ આપવાનો છે.

**● અભિમાનથી કહે છે મારૂં જ્ઞાન એ રેડિયો આધારિત છે...**

ગુજરાતના જૂનાગઢથી ૫૫ કિલોમીટર દૂર કાલાવાડ ગામના કિસાન પરિવારમાં જન્મેલા ભાંજીભાઈનું દિમાગ બચપનથી જ

**જૂનાગઢના એક ગામના ખેડૂત સ્કૂલે ગયા નથી છતાં IIM, IITના સ્ટુડન્ટ્સ તેમની પાસે આવે છે**

નવી નવી શોધ અને રચનાત્મક કાર્યો માટે ચાલે છે. તેમના કારનામાં ઘરના સભ્યો અને ગામના લોકો જોતાં જ રહી જાય છે. ગામની નાની નાની કિશોરીઓને એકત્ર કરી તેઓ ક્યારેક કોઈ ઘરની ડિઝાઈન બનાવે છેતો ખેતરોની સમસ્યાને લઈને કિસાનો સાથે બેસી સંશોધનો કરે છે. ભાંજીભાઈને ક્યારેય સ્કૂલ જવાનો મોકો મળ્યો નથી પરંતુ તેમણે ગુજરાતી ભાષા વાંચતા અને લખતાં શિખી છે, બાકી દુનિયાદારીએ તેમને શિખવ્યું છે. તેમને જે જ્ઞાન મળ્યું છે તે રેડિયો આધારિત છે. તેઓ કબૂલ કરે છે કે મારી પાસે જે જ્ઞાન છે તેની પુરેપુરી ક્રેડિટ રેડિયોને જાય છે. દેશ અને દુનિયાના સમાચારો ઉપરાંત તેમણે રેડિયોના ટેકનોલોજી કાર્યક્રમો ખૂબ સાંભળ્યા છે.

**● મારા નાના ખેડૂત મિત્રો માટે મારે કંઇ કરવું છે...**

ખેતરમાં કામ કરતા કરતાં અને બીજા ખેડૂતો સાથે ચર્ચા કરતાં ભાંજીભાઈના દિમાગમાં અલગ અલગ આઈડિયા આવતા હોય છે. તેમનો માત્ર એક જ ઉદ્દેશ રહ્યો છે કે કિસાનોની મુશ્કેલ પરિસ્થિતિનો હલ કેવી રીતે આવે. આ દિશામાં અવિરત તેઓ કાર્ય કરતા રહ્યાં છે. ૧૯૯૦ની આસપાસના સમયમાં તેમના ગામમાં ફોડ ટ્રેક્ટર આવ્યું હતું. ગામડાના લોકો માટે આ નવી ટેકનોલોજી હતી. ખેડૂતોને લાગ્યું કે આ ટ્રેક્ટર તેમની મહેનત ઓછી કરી દેશે. બીજી તરફ ભાંજીભાઈએ પણ સ્વિકાર કર્યો અને માન્યું કે મોટા ખેતરો માટે ૨૫ હોર્સપાવરનું ટ્રેક્ટર ખેડૂતોની મહેનત બચાવશે. તેમને પ્રશ્ન થયો કે આ ટ્રેક્ટર તો મોટા ખેતરો માટે છે પરંતુ જે ખેડૂતો પાસે નાના ખેતરો છે તેમના માટે શું કરીએ કે જેથી તેઓ આવું સાધન વાપરી શકે.

**● એક ટ્રેક્ટર બનાવ્યું, સસ્તુ એટલું કે બીજા વાપરી શકે...**

**ટાઈમ લાઈન**

- ગૌતમ પુરોહિત

ખેડૂતોની પરેશાની વચ્ચે તેમણે સંશોધન કરવાનો વિચાર કર્યો. તેમણે કબાડીની દુકાનમાંથી કેટલાક જૂના સ્પેરપાર્ટ્સ લીધા, જેમાં જૂની કમાન્ડર જીપનું એન્જીન, જીપના પૈડાં અને અન્ય સામગ્રીનો સમાવેશ થતો હતો. આ કબાડી સામાનનો ઉપયોગ તેમણે થ્રી-વ્હિલર ટ્રેક્ટર બનાવવા માટે કર્યો. ભાંજીભાઈએ નાના ખેડૂતો માટે ૧૦ હોર્સપાવરનું એક ટ્રેક્ટર બનાવ્યું જેની કુલ કિંમત ૩૦,૦૦૦ રૂપિયા થઇ હતી. આ ટ્રેક્ટરનો સૌ પ્રથમ ઉપયોગ તેમણે તેમના ખેતરમાં કર્યો હતો. તેમનું આ સંશોધન સફળ રહ્યું પરંતુ થોડા સમય પછી જૂના સ્પેરપાર્ટ્સ હોવાથી ટ્રેક્ટર બંધ પડી ગયું એટલે નવા સ્પેરપાર્ટ્સ ખરીદવા માટે તેમને તેમના એક મિત્રએ મદદ કરી અને દિવસ-રાતની મહેનત પછી ૧૦ હોર્સપાવરનું મિની ટ્રેક્ટર તૈયાર કર્યું. ભાંજીભાઈએ આ ટ્રેક્ટરનું નામ વનરાજ આપ્યું હતું. આ ટ્રેક્ટર બનાવવાનો કુલ ખર્ચ અન્ય ટ્રેક્ટરોની તુલાનાએ ૫૦ ટકા એટલે કે ૧.૬૦ લાખ રૂપિયા થયો હતો.



**● ત્રણ પૈડાંનું ટ્રેક્ટર કોઇપણ રિપેર કરી શકે...**

વનરાજ ટ્રેક્ટરની ડિઝાઈન ખૂબ સિમ્પલ હતી, કારણ કે જ્યારે કંઈ ખરાબી થાય તો ખેડૂત જાતે તેને રિપેર કરી શકે. વનરાજની ખાસિયત એ હતી કે તેના ફ્રન્ટ એકસેલને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું કે ત્રણ પૈડાંનું ટ્રેક્ટર આસાનીથી ચાર પૈડાંમાં અને ચાર પૈડાંમાંથી ત્રણ પૈડાંમાં ફેરવાઈ શકે. તેઓ માને છે કે ચાર પૈડાંનું ટ્રેક્ટર ખેતરમાં સારૂં કામ આપે છે. જો કે ત્રણ પૈડાંનું મોડલ ટ્રાન્સપોર્ટેશનના કામ માટે ઉત્તમ વિકલ્પ છે. વનરાજને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રોફેસર અને એન્જીનિયરોએ ટેસ્ટ કર્યું અને તેમણે સફળતાની મહોર લગાવી દીધી. પ્રોફેસરોએ કહ્યું કે આ ટ્રેક્ટરની મદદથી ખેતીના ખર્ચમાં ખૂબ મોટો ઘટાડો થયો છે.

**● વનરાજનું રજીસ્ટ્રેશન નહીં હોવાથી ધરપકડ થઇ...**

ગામના ખેડૂતોએ ભાંજીભાઈ પાસે આવું ટ્રેક્ટર માગ્યું એટલે તેમણે બીજી ટ્રેક્ટરોનું ઉત્પાદન પણ શરૂ કરી દીધું. તેમની પાસેના ટ્રેક્ટર જેવા બીજા આઠ ટ્રેક્ટર તેમણે બનાવ્યા છે. જો કે ૧૯૯૩માં રીઝનલ ટ્રાન્સપોર્ટ ઓફિસરે તેમના ટ્રેકટરને રોકી ભાંજીભાઈની ધરપકડ કરી લીધી હતી, કેમ કે તેમણે તેમના ટ્રેક્ટરને આરટીઓ રજીસ્ટ્રેશન માટે રજૂ કર્યું ન હતું. જો કે ભાંજીભાઈ આવી બાબતોથી અજાણ હતા. આખરે ગામના અન્ય ખેડૂતોએ ભાંજીભાઈ માટે દંડ ભર્યો અને તેમને મુક્ત કરાવ્યા પરંતુ આ ઘટનાએ ભાંજીભાઈના દિમાગમાં ખૂબ ઉંડી ચોટ પહોંચાડી. તેમણે ટ્રેક્ટરનો ઉપયોગ બંધ કરી દીધો અને ત્યારબાદ તેમણે કોઈપણ ઈનોવેશન માટે વિચારવાનું બંધ કરી દીધું. આ સમયે આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર અનિલ ગુપ્તા જૂનાગઢમાં તેમની શોધયાત્રા માટે આવ્યા હતા. તેમને વનરાજ ટ્રેક્ટર અંગે ખબર પડી તેથી તેમણે આ ટ્રેક્ટરની ટેકનિક સમજી. તેમને લાગ્યું કે હકીકતમાં ખેડૂતોની મુશ્કેલી આસાન કરી શકે તેવું ટ્રેક્ટર છે એટલે તેમણે વનરાજની પેટન્ટ લેવાનો પ્રયાસ શરૂ કર્યો હતો.

**● વનરાજની કોપી કરી ઘણાં લોકોએ ટ્રેક્ટર બનાવ્યા...**

પ્રોફેસર અનિલ ગુપ્તાના પ્રયાસો પછી ૨૦૦૨માં ભાંજીભાઈને તેમના ટ્રેક્ટરની પેટન્ટ મળી ગઈ તેમ છતાં અત્યાર સુધીમાં કોઈપણ મેન્યુફેક્ચરીંગ કંપનીએ તેમની પેટન્ટને ખરીદી નથી. તેમના પરિવારને લાગ્યું કે અલ્પ સાધનોથી આ ટ્રેક્ટરનું મોટાપાયે ઉત્પાદન શક્ય નથી. આ કામગીરી કોઈ મોટી કંપની કરી શકે છે. અલબત્ત, આ ટ્રેક્ટરની કોપી કીને ઘણાં લોકોએ નવા ટ્રેક્ટર બનાવ્યા છે. ભાંજીભાઈને ખબર પડી કે મારા ટ્રેક્ટરની કોપી થઈ રહી છે તેથી તેમણે કહ્યું કે મને કોઈ વાંધો નથી. હું તો ઈચ્છું છું કે બીજા લોકો મારી ડિઝાઈન કોપી કરીને દેશભરના ખેડૂતો માટે આવા ટ્રેક્ટર બનાવે. મારો ઉદ્દેશ માત્ર ખેડૂતોની ભલાઈ કરવાનો છે.

**● ભાંજીભાઇને પ્રોફેસર અનિલ ગુપ્તાનો સાથ મળ્યો...**

પ્રોફેસર અનિલ ગુપ્તાના સંપર્કમાં આવ્યા પછી ભાંજીભાઈને તેમના આઈડિયા પર કામ કરવાની પ્રેરણા મળી છે. તેઓ સંશોધન કરતાં હતા તે સમયે રાજસ્થાનમાં તરૂણ ભારત સંઘ દ્વારા જળસંરક્ષણની દિશામાં જે કાર્યો થઇ રહ્યાં છે તેની તેમને ખબર પડી. એ સમયે ગુજરાતમાં પાણીની સમસ્યા વધી રહી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખેતી માટે પાણી મળવું દોહ્યલું હતું. સરકારની કોઈ એવી મહત્વકાંક્ષી યોજના પણ ન હતી. સૌરાષ્ટ્રના કેટલાક સેવાભાવી સંગઠનો તે સમયે નદીઓ પર ચેકડેમ બનાવવાનું કામ કરતા હતા પરંતુ તેનો ખર્ચ વધુ આવતો હતો.

**● માત્ર ૧૦ હજારમાં ચેકડેમ બનાવી કમાલ કરી દીધી...**

તેમના ગામમાંથી પસાર થતી ઘરફાડ નદી પર તેમણે માત્ર ચાર દિવસમાં ચાર મજૂરો સાથે મળીને ૧૦,૦૦૦ રૂપિયાના ખર્ચથી ચેકડેમ બનાવ્યો હતો જે કામયાબ રહ્યો છે. આ ડેમની ડિઝાઈનનો આઈડિયા તેમને એક જૂના રેલવે બ્રીજથી મળ્યો હતો. તેમણે નદીમાં પથ્થરો અને ઈંટોની મદદથી અર્ધ ગોળાકાર સરહદ બનાવી દીધી. જ્યારે આ સરદહ એટલે કે પાળો મજબૂત થયો ત્યારે તેમણે મોટા પથ્થરો લઈને નદીના વહેતા પાણીમાં ચેકડેમ બનાવવાનું શરૂ કર્યું હતું. તેમણે બે પથ્થરોની વચ્ચે થોડી જગ્યા રાખી અને આ જગ્યાને તેમણે માટી, કાંકરા અને સિમેન્ટની મદદથી ભરી દીધી તેથી આ ડેમ વધારે મજબૂત બન્યો.

**● આઇઆઇટી કાનપુરના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી...**

આ નદીમાં વરસાદનું પાણી વહી જતું હતું તેને રોકી રાખ્યું અને સ્ટોર કર્યું. પરિણામ એ આવ્યું કે એ વિસ્તારના ભૂગર્ભ જળ ખૂબ ઉંચા આવ્યા હતા. ગામના કુવાઓ રિચાર્જ થઇ ગયા. નદીની આસપાસના વિસ્તારમાં હરિયાળી વધવા લાગી. ખેડૂતોને સિંચાઇ

**તેઓ માને છે કે મારા જ્ઞાનની ક્રેડિટ રેડિયોને જાય છે, નવું નવું સંશોધન કરવાનું તેમને ગમે છે**

માટેનું પાણી પણ જ્યારે મળવા લાગ્યું ત્યારે માંજીભાઈની ખુશીઓનો પાર ન રહ્યો. આ ડેમની સફળતા પછી દક્ષિણ ગુજરાતના વાપી અને રાજસ્થાનના કેટલાક ગામોમાં આ પ્રકારના ૨૫ જેટલા ચેકડેમ બન્યા છે. ભાંજીભાઈની આ ડિઝાઈનને સમજીને તેનો વ્યાપક ઉપયોગ કરવા માટે આઈઆઈટી કાનપુરથી કેટલાક વિદ્યાર્થીઓનું એક ગ્રુપ તેમની પાસે આવ્યું. આ ડેમ ભાંજીભાઈએ કોઈપણ જાતની સરકારી મદદ વિના તૈયાર કર્યો હતો.

**● નવા આઇડિયાને દેશ-વિદેશે વખાણ્યા, એવોર્ડ આપ્યાં...**

નવા નવા આઈડિયા અંગે વિચારતા ભાંજીભાઈને તેમના ઈનોવેશન માટે નેશનલ ફાઉન્ડેશન ઓફ ઈનોવેશન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. ૨૦૦૨માં પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામે તેમને સન્માનિત કર્યા હતા. તેમનો પૌત્ર અમિત કહે છે કે મારા દાદાજી માટે આ એક સપનું હતું કે કલામના હાથે તેમનું સન્માન થયું છે. આ સન્માન પછી તેમને એનઆઈએફ દ્વારા ૨૦૧૭માં લાઈફટાઈમ એચિવમેન્ટ પુરસ્કારથી પણ સન્માનવામાં આવ્યા છે. ભાંજીભાઈ દક્ષિણ આફ્રિકામાં યોજાયેલી કોમનવેલ્થ સાયન્સ કાઉન્સિલમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યાં છે. આ સાથે તેઓ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનની રિસર્ચ એડવાઈઝરીના સદસ્ય પણ બન્યા હતા. (સ્ટોરી સ્ત્રોત – બેટર ઈન્ડિયા)

**સસ્તું ટ્રેક્ટર વનરાજ બનાવ્યું, ટકાઉ ચેકડેમ બનાવ્યો - આ આવિષ્કારોને વિશ્વમાં નામના મળી**